# સમાજ સુધરશે તો શિક્ષક પણ સુધરશે

આજે સમાજ શિક્ષકને શંકાની નજરે જૂએ છે. શિક્ષકના વર્તન વ્યવહારથી કે શિક્ષકની ભૂમિકાથી સમાજને સંતોષ નથી. એટલું જ નહીં શિક્ષકના નકારાત્મક વર્તન કે અન્ય બાબતો માટે દોષનો ટોપલો જ નહીં, ટોપલે ટોપલા શિક્ષકને માથે ઢોળે છે. આ સમાજ શિક્ષકને ધીમે ધીમે કે ઢોલ વગાડીને વગોવવામાં કશું જ બાકી પણ રાખતો નથી. ત્યારે પ્રશ્ન થાય કે આમ બનવા પાછળ વધુ જવાબદાર કોણ? કોણે શરૂઆત કરી? વર્ષો પહેલાં શિક્ષકનું જે માનપાન-મોભો હતાં તે આજે નથી, સમાજે પાછા ખેંચી લીધાં છે કે શિક્ષકે ગુમાવ્યા છે?  શિક્ષક જાતે બગડી ગયો છે કે તેને બગાડવામાં આવી રહ્યો છે? આ માટે લાંબી ચર્ચાને અવકાશ છે જ,  કેટલીક બાબતો અંગે સૌએ વિચારવાની જરૂર છે.

કેટલાક સમય પહેલાં શિક્ષકનું સમાજમાં માન અનન્ય હતું. ગામના સરપંચ કે મુખી કરતાં પણ શિક્ષકને વધારે આદર્શ માનવામાં આવતો હતો. ગામના ચોરે બેઠેલ ઘરડેરાં પણ શિક્ષકને માન સાથે માથું નમાવીને ક્યારેક તો હાથ જોડીને પ્રણામ કરતા હતા. ગામમાં થયેલ કંકાસને મિટાવવામાં શિક્ષકની ભૂમિકા અનન્ય હતી. અરે, શિક્ષકની હાજરીમાં ઝગડતા લોકો શિક્ષકના માન ખાતર બે મિનિટ માટે પણ બંધ થઇ જતા હતાં. આ સમયે શિક્ષક પણ પોતાની ભૂમિકા યોગ્ય રીતે તટસ્થતાથી બજાવતો હતો. શિક્ષકના હૈયે સમાજ વસેલો હતો. શિક્ષક પોતાની જાતને સમાજનો ઋણી સમજતો હતો. પોતાના વિદ્યાર્થીને માથે હાથ ફેરવીને તેની મુશ્કેલી હળવી કરવા સતત પ્રયત્નશીલ રહેતો હતો. ત્યારે પ્રશ્ન થાય કે, સમાજ અને શિક્ષકને એવું તે શું થયું છે કે જેથી બંને વચ્ચેનું અંતર વધતું જાય છે? નથી સમાજ શિક્ષકનું વિચારતો કે નથી શિક્ષક સમાજનું વિચારતો ! સમાજ શિક્ષક પાસે અપેક્ષા રાખે છે. તે શિક્ષક સામે આંગળી ચીંધે છે. ત્યારે સમાજને કહેવાનું મન થાય કે, એક આંગળી શિક્ષક સામે હોય છે, પણ બાકીની ત્રણ આંગળી ? સમાજ એટલે લોકોનો સમૂહ. સમાજના શિક્ષક સિવાયના સભ્યોના એવાં કયાં વર્તનો છે કે જે શિક્ષકને તેનાથી દૂર કરે છે? કેટલાક ઉદાહરણ જોઇએ.

સમાજમાં બદીઓ વધતી જાય છે, ગૂન્હાનું પ્રમાણ પણ વધતું જાય છે. આ સમાજ કે જે પોતે બગડતો જાય છે અને અપેક્ષા રાખે છે શિક્ષક પાસે કે તે સુધરે? સમાજમાં ભ્રષ્ટાચાર રૂપે વ્યાપેલી બદીમાંથી ભાગ્યે જ કોઇ શિક્ષક બચ્યો હશે? એટલું તો વિચારો કે, લાંચ નહીં આપવાનું ઇચ્છતો શિક્ષક બિચારો બાપડો બનીને જ્યારે સમાજના કોઇ સભ્યને લાંચ આપતો હશે ત્યારે તેનું શું થતું હશે? વર્ગખંડમાં આવીને એ કોના માટે શું વિચારતો હશે? બાળકોના વાલીને કઇ દ્દષ્ટિથી જોતો હશે? તેની અસર બાળકો પર થાય કે નહીં? છતાં આપણે એવી સલાહ આપીએ કે, શિક્ષકે આવું ન કરાય. ત્યારે દલીલ કરવાની ઇચ્છા થાય કે, સમાજમાં વ્યાપેલ વ્યભિચાર, કાવાદાવા, મૂલ્યોનો હાસ વગેરેની અસર સમાજના દરેક સભ્ય પર થવાની જ છે. શિક્ષક પણ સમાજનો સભ્ય છે. સમાજના વર્તન વ્યવહાર, વાતાવરણની અસર તેના પર થયા વિના રહે જ નહીં.  તે પણ એક માનવ છે. માનવમાં રહેલ ખામીઓનો શિકાર એ પણ બની શકે. સમાજમાં આવતાં પરિવર્તનોની અસર સમાજના દરેક સભ્ય પર થાય અને શિક્ષક પર ન થવી જોઇએ તેવી માન્યતા જ ખોટીભૂલ ભરેલી છે. કેટલાંય વર્ષોથી શિક્ષક સમાજની ઉપેક્ષા સહન કરતો આવ્યો છે અને આજે પણ કરી રહ્યો છે. છતાં સમાજ શિક્ષકને જ સુધરવાનું કહે છે.

શિક્ષક જાતે, માત્ર પોતાની ઇચ્છાથી ક્યારેય ખોટું કરવાનું ઇચ્છતો નથી. હકીકતમાં શિક્ષકમાં ખોટું કરવાની હિંમત જ હોતી નથી. આમછતાં સમાજના સભ્યો જ તેનામાં આવી હિંમત દાખલ કરે છે. પરીક્ષા ટાણે શિક્ષક પર લવાતાં ખોટાં દબાણોને એક ઉદાહરણ તરીકે લઇ શકાય. વર્ગખંડમાં જાતને નિચોવીને વિદ્યાર્થીને સાચા પાટે લાવવાની ખેવના રાખતા શિક્ષકને વાલીનું અપમાન સહન કરવું પડે તેનાથી મોટી કરુણતા કઇ હોઇ શકે? વિદ્યાર્થીને શિક્ષા કરતા શિક્ષક સામે પોલીસ કેસ કરતા વાલીના મનમાં શિક્ષક માટે કઇ ભાવના હશે? તો શિક્ષા કરતાં શિક્ષકની ભાવના પણ જૂઓ. શિક્ષક પાસે વાલી માટે વિશિષ્ટ ભાવનાની અપેક્ષા રાખવામાં આવે છે, પણ વાલી પાસે શિક્ષક માટે નહીં! સમાજના આ બે ચહેરા કહેવાય.જે કેટલે અંશે યોગ્ય છે? શિક્ષકની એક સામાન્ય ભૂલ માટે એકઠાં થતાં વાલીઓ સામે વાલીની સામાન્ય ભુલ માટે ક્યારેય શિક્ષકો એકઠા થયા છે? આ બાબતને શિક્ષકની મહાનતા ના કહેવાય? જરૂર પડે શિક્ષક સરકાર સામે પણ વિદ્યાથીના હિત ખાતર લડે છે કે અળખો થાય છે. ક્યારેય કોઇ વાલીએ શિક્ષકના હિત માટે સરકારને એક પત્ર પણ લખ્યો છે? આમછતાં મોટાભાગના શિક્ષકો નિષ્ઠા સાથે સમાજ સાથે જોડાયેલા રહે છે અને સમાજને સુધારવા માટે શક્ય પ્રયત્નો પણ કરે છે. છતાં સમાજ શિક્ષકને સુધરવાનું કહે છે !

પહેલાંના સમયમાં કોઇ શિક્ષક દુકાને ખરીદી કરવા જાય તો દુકાનદાર હસતાં હસતાં વસ્તુ આપે અને ક્યારેક પૈસા પણ ન લે, જ્યારે આજનો સમાજ શિક્ષકને ઉધાર આપવા પણ તૈયાર નથી. ખેતરમાં થતો પાક શિક્ષકને પ્રેમથી આપવાનો રિવાજ હતો તેમ કહીએ તો ચાલે. ત્યારે કોઇ વાલી શિક્ષક પાસે પોતાના બાળકને પાસ કરવાની અપેક્ષા પણ નહતો રાખતો. સમાજના સભ્યોના મનમાં શિક્ષક માટે અનહદં માન હતું. આજે શિક્ષકને બિચારો-બાપડો બનાવી દીધો છે. તેના સ્થાનને ધીમે ધીમે નીચેની તરફ ધકેલવામાં આવી રહ્યું છે. આ બદનામીભર્યું કામ સમાજ જ કરી રહ્યો છે, છતાં પોતાની તો કોઇ ફરજ છે જ નહીં, માત્ર શિક્ષકની જ ફરજ છે તેવી લાગણી અનુભવવામાં સમાજને સહેજ પણ સંકોચ નથી. આવી લાગણી ધરાવતા સમાજમાં

એક નહીં હજારો નિષ્ઠાવાન શિક્ષક પોતાનું હીર ખોઇ બેસશે, પોતાની નિષ્ઠા ગુમાવી બેસશે. શિક્ષક સારો હતો, આજે પણ છે અને તેને સારા રહેવું જ છે. માત્ર જરૂર છે સમાજના પ્રોત્સાહનની. અરે, પ્રોત્સાહન ન આપો તો વાંધો નથી, પણ શિક્ષકના માથે માછલા ધોવાનું બંધ થાય તો પણ ઘણું છે. સમાજ તરફથી મળતો નકારાત્મક પ્રતિસાદ જ શિક્ષકમાં લઘુતા લાવે છે. સમાજ બેવડા ધોરણો સાથે શિક્ષકને ખલાસ કરે છે. હકીકતમાં સમાજે સુધરવાની જરૂર છે, શિક્ષક સરળતાથી સુધરી જશે.આજે પણ અનેક શિક્ષકો સમાજના આ દુર્વ્યવહારની સામે અડિખમ રહીને પોતાની નિષ્ઠા જાળવી રાખે છે. સમાજ જો તેની ફરજ બજાવવાનું ચૂકશે તો આવા અડિખમ શિક્ષકને પણ ગુમાવતા વાર નહીં લાગે. માટે સમાજ તેની ફરજ બજાવે, શિક્ષક પણ બજાવશે. સમાજે પોતાનામાં પરિવર્તન લાવીને પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરવી જોઇએ. શિક્ષકને પૂરું માન સન્માન આપો, વિશ્વાસ મૂકો, તેને પ્રેમથી પલાળી દો અને પછી જૂઓ આ શિક્ષક તમારા બાળકો માટે કેવો નિચોવાઇ જાય છે!